

# 16 નર્મદા પરિક્રમાવાસીને કૂતરાંએ બચકાં ભર્યાં

**તમામ** ભક્તોને તિલકવાડા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા

ભરૂચઃ હાલ પાંચકોશી નર્મદા પરિક્રમા ચાલી રહી છે દિન પ્રતિદિન ભક્તોની સંખ્યા ક્રમશઃ વધતી જઈ રહી છે ત્યારે નર્મદા પરિક્રમાવાસીઓને કૂતરાંએ બચકા ભરવાની ચોકાવનારી ઘટના સામે આવી છે. નર્મદા ભક્તોના કહેવા મુજબ 16 ભક્તોને કૂતરાંએ બચકા ભર્યા છે. તિલકવાડા નદી ભાઠાથી ઉપર તરફ, બ્રિજ પાસે, તેમજ અન્ય જગ્યા કેટલીક જગ્યા પર ભક્તોને કૂતરાંએ બચકા ભરવાની ઘટના સામે આવી છે. કૂતરાંના હુમલાઓથી ઘાયલ તમામ નર્મદા ભક્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા તિલકવાડા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તિલકવાડા ખાતે પરિક્રમાવાસીઓની સારવાર શરૂ કરવામાં આવી હતી. જોકે હાલ તો તબિયત સુધારા પર છે. સવાલ એ થાય છે કે ભક્તોને મગરોનો તો ડર લાગે જ છે પણ હવે કૂતરાં કરડવાની ઘટનાને કારણે ભક્તોમાં એક વધુ ડરનો માહોલ જોવા મળ્યો છે. આ બાબતે ખાસ સુરક્ષા રાખવાની જરૂરિયાત પર ભાર મુકાઈ રહ્યો છે.

### અંકલેશ્વરના ઉદ્યોગકારોની લડત તેજ: આમરણાંત ધરણાં સાથે વિરોધ

# ઉદ્યોગકારોના GPCB વિરુદ્ધ ધરણાં

**GPCB** કચેરી બહાર 'પરવાનગી આપો, આશ્વાસન નહીં'ના નારા સાથે ઉદ્યોગપતિઓ મેદાને



પ્રવીણ તેરૈયા

ગાંધીનગર/ અંકલેશ્વરઃ અંકલેશ્વરના ઉદ્યોગકારો અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) વચ્ચેનો વિવાદ હવે ઉગ્ર આંદોલનમાં પરિવર્તિત થયો છે. CETP પ્રોજેક્ટને જરૂરી CCA પરવાનગી લાંબા સમયથી બાકી રહેતા અંકલેશ્વરના આશરે ૧૦૦ જેટલા ઉદ્યોગપતિઓ સોમવારે ગાંધીનગર સ્થિત જીપીસીબી કચેરી બહાર આમરણાંત ઉપવાસ પર બેઠા હતા. જો કે, ધારાસભ્ય તથા રાજ્ય મંત્રી ઈશ્વરસિંહે અનુરોધ કરતાં મોડી સાંજે ઉદ્યોગપતિઓએ આગામી ગુરુવાર સુધી હડતાળ અને ઉપવાસ મુલતવી રાખવાનો નિર્ણય કરી આખરે પારણા કરી લીધા હતા.

ઉદ્યોગકારોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, સૂચિત CETP પ્રોજેક્ટને CCA મંજૂરી આપવામાં નહીં આવે ત્યાં સુધી ઉપવાસ ચાલુ રાખવામાં આવશે. "પરવાનગી આપો, આશ્વાસન નહીં"નાં સૂત્રો સાથે ઉદ્યોગકારોએ તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો હતો. અંકલેશ્વરમાં MSME ઉદ્યોગોને પર્યાવરણ સંબંધિત ધોરણોનું પાલન સરળ બને અને પ્રદૂષણ નિયંત્રણ મજબૂત બને એ હેતુથી આધુનિક સુવિધાઓ સાથે CETP પ્રોજેક્ટ ઊભો કરવામાં આવ્યો હતો. જો કે, ઉદ્યોગકારોના આક્ષેપ મુજબ છેલ્લા એક વર્ષથી વધુ સમયથી જરૂરી CCA મંજૂરી માટે રજૂઆતો છતાં જીપીસીબી દ્વારા નિર્ણય લેવામાં આવ્યો નથી. આ મુદ્દે અંકલેશ્વર વેસ્ટ મેનેજમેન્ટ એસોસિએશન સહિત વિવિધ ઉદ્યોગ સંગઠનો દ્વારા અનેક વખત રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ પરિણામ ન મળતા અંતે આંદોલનનો રસ્તો અપનાવવામાં આવ્યો છે. સોમવારે શરૂ થયેલા ઉપવાસ દરમિયાન જીપીસીબીના અધિકારીઓ દ્વારા ઉદ્યોગકારો સાથે વાતાઘાટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ કોઈ સ્પષ્ટ નિર્ણય અથવા લેખિત ખાતરી ન મળતાં ઉદ્યોગકારો પોતાના નિર્ણય પર અડગ રહ્યા હતા. ઉદ્યોગકારોનું કહેવું છે કે, CETP પ્રોજેક્ટ કાર્યરત થશે તો પર્યાવરણ સુરક્ષા વધુ મજબૂત બનશે તેમજ નાના અને મધ્યમ ઉદ્યોગોને મોટી રાહત મળશે. છતાં મંજૂરી પ્રક્રિયામાં વિલંબ થવાથી ઉદ્યોગ ક્ષેત્રમાં અનિશ્ચિતતા સર્જાઈ રહી છે. અંકલેશ્વર-હાંસોટના ધારાસભ્ય તથા રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલના અનુરોધ બાદ ઉપવાસી ઉદ્યોગપતિઓએ આગામી ગુરુવાર સુધી હડતાળ અને ઉપવાસ મુલતવી રાખવાનો નિર્ણય કર્યો હતો અને પારણા કર્યા હતા.

# સાયખા GIDCમાં પશુ ચરાવવા પર પ્રતિબંધના બોર્ડ લાગ્યાં !

**વાગરાની** ભેરસમ ચોકડી અને APL કંપની પાસે લાગેલાં વિવાદાસ્પદ હોર્ડિંગ્સમાં સત્તાધિકારીનું નામ ગાયબ



ભરૂચઃ સાયખા GIDC વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી લાગેલાં રહસ્યમય હોર્ડિંગ્સે સ્થાનિક પશુપાલકો અને ગ્રામજનોમાં ભારે ઉત્તેજના ઊભી કરી છે. સાયખા GIDC વિસ્તાર અને તેની આસપાસના પશુપાલકોને સંબોધીને લગાવવામાં આવેલા આ મોટા હોર્ડિંગ્સમાં પશુ ચરાવવા તેમજ પશુપાલન સંબંધિત તમામ પ્રવૃત્તિઓ પર કડક શબ્દોમાં પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ હોર્ડિંગ્સ ખાસ કરીને સાયખા GIDCમાં આવેલ APL કંપનીના ગેટ બહાર, ભેરસમ ચોકડી તેમજ અન્ય મુખ્ય માર્ગો પર લગાડવામાં આવ્યાં છે, જે આવતા-જતા લોકોમાં કુતૂહલ અને ચર્ચાનો વિષય બન્યા છે. હોર્ડિંગ્સમાં જણાવવામાં આવ્યું છે કે, સાયખા ઔદ્યોગિક વિસ્તારમાં કેમિકલ અને હેવી એન્જિનિયરિંગ જેવા જોખમી ઉદ્યોગો કાર્યરત હોવાથી પશુઓ માટે આ વિસ્તાર સુરક્ષિત નથી. જો પશુપાલકો આ સૂચનાનું ઉલ્લંઘન કરી પશુ ચરાવશે અને તે દરમિયાન કોઈ પણ પ્રકારની દુર્ઘટના કે અનિચ્છનીય બનાવ બનશે, તો તેની સંપૂર્ણ જવાબદારી પશુપાલકની રહેશે. આશ્ચર્યજનક બાબત એ છે કે, આ લખાણમાં સ્પષ્ટપણે ચીમકી આપવામાં આવી છે કે આવી કોઈ પણ ઘટનામાં GIDC નિગમ, ઉદ્યોગ એકમો કે તેના કોઈપણ અધિકારીની કોઈ જ વ્યક્તિગત કે કાયદેસરની જવાબદારી રહેશે નહીં.

આ આખા મામલે સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે આટલું કડક લખાણ અને ગંભીર સૂચનાઓ હોવા છતાં, આ જાહેરનામું બહાર પાડનાર સત્તાધિકારી કે સંસ્થાનું નામ હોર્ડિંગ પર ક્યાંય પણ ઉલ્લેખિત નથી. સામાન્ય રીતે કોઈ પણ સરકારી કે અર્ધ-સરકારી જાહેરનામામાં જે-તે વિભાગ કે અધિકારીની મહોર અથવા નામ હોય છે, પરંતુ અહીં તેની ગેરહાજરી અનેક સવાલો ઊભા કરી રહી છે. શું આ હોર્ડિંગ્સ GIDC તંત્ર દ્વારા લગાવવામાં આવ્યાં છે કે પછી કોઈ ખાનગી કંપનીએ પોતાની જવાબદારીમાંથી છટકવા માટે આ રસ્તો અપનાવ્યો છે? તે અત્યારે યક્ષપ્રશ્ન છે.

# રાજપીપળામાં વરસાદી કાંસ પર 15 ફૂટ ઊંચી દીવાલ બની ગઈ!

**રાજપીપળાની** મધ્યમાં વ્રજ કોમ્પ્લેક્સ પાછળનું દબાણ હટાવવા તંત્રમાં દોડધામ

**કાંસ** પુરાણ મુદ્દે પાલિકા પર 'રાજકીય' બ્રેકઃ ધારાસભ્યની મુખ્યમંત્રીને રજૂઆતની ચીમકી



દીપલ સોની

રાજપીપળાઃ રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં આવેલા એક રહેણાક બિલ્ડિંગના ગેરકાયદે બાંધકામ સામે નાંદોદના ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખે આંખ લાલ કરી છે. શહેરની મધ્યમાં ડિગ્રી કોલેજ સામે આવેલા વ્રજ કોમ્પ્લેક્સ પાછળના ભાગે વરસાદી પાણીના નિકાલ માટેની કાંસ પર પુરાણ કરી ગેરકાયદે દબાણ કરવામાં આવ્યું હોવાની રજૂઆત તેમણે ઉચ્ચ સ્તરે કરી છે.

ધારાસભ્યના જણાવ્યા અનુસાર અગાઉ આ કાંસની પહોળાઈ 40 ફૂટ હતી, જેને પૂરી દઈને માત્ર 20 ફૂટ કરી દેવામાં આવી છે. એટલું જ નહીં, ત્યાં 15 ફૂટ ઊંચી અને 5 ફૂટ પહોળી દીવાલનું ચણતર કરી દેવાતાં પાણીના નિકાલની ક્ષમતા 80% જેટલી ઘટી ગઈ છે. આ સ્થિતિને કારણે આગામી ચોમાસામાં નરસિંહ ટેકરી સહિતની આસપાસની સોસાયટીઓનાં ઘરોમાં પાણી ભરાઈ જવાની ગંભીર ભીતિ સેવાઈ રહી છે.

આ મામલે ચોંકાવનારો આક્ષેપ કરતાં ધારાસભ્યએ જણાવ્યું હતું કે, બિલ્ડર સાથે કેટલાક સ્થાનિક આગેવાનોની મિલીભગત હોવાને કારણે તંત્ર દ્વારા આ દબાણ હટાવવામાં આવતું નથી. અગાઉ નગરપાલિકાની ટીમ હિટાચી મશીન સાથે ડિમોલિશન માટે પહોંચી હતી, પરંતુ સ્થાનિક દબાણ અને રાજકીય હસ્તક્ષેપને કારણે કામગીરી અધવચ્ચે જ અટકાવી દેવામાં આવી હતી. આ બિલ્ડિંગનું કામ જૂની પરવાનગીના આધારે કરવામાં આવ્યું હોવાનું પણ સામે આવ્યું છે. સંકલન સમિતિ અને કમિશનર સમક્ષ રજૂઆત બાદ કમિશનરે ગેરકાયદે બાંધકામ તોડવાનો હુકમ કર્યો હોવા છતાં, અમલીકરણમાં વિલંબ થતાં ધારાસભ્યએ હવે પ્રજાના હિતમાં આ મામલે સીધી મુખ્યમંત્રીને રજૂઆત કરવાની ચીમકી આપી છે.

હાલમાં શહેરભરમાં એ ચર્ચાએ જોર પકડ્યું છે કે આ પ્રભાવશાળી બિલ્ડર લોબી કોણ છે અને તેમને કયા સ્થાનિક નેતાઓનું પીઠબળ મળી રહ્યું છે. નાગરિકોની માંગ છે કે કલેક્ટર આ મામલે તટસ્થ તપાસ કરી તાત્કાલિક ગેરકાયદે પ્રવૃત્તિ અટકાવે.

# શેરબજારની ખોટ ભરપાઈ કરવા મિત્રોના જ મોબાઈલ ચોરનારો ઝડપાયો

**બીપીન** ભીમાણીએ ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં પીજીમાં રહી મિત્રોના ફોન-પે એપથી 4 લાખની લોન પડાવી

**એલસીબી** પોલીસે મોરબીના ટંકારાથી ઝડપી પાડ્યો

ભરૂચઃ ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં રહેતા યુવાનો સાથે મિત્રતા કેળવી, વિશ્વાસ જીતી તેમના મોબાઈલના પાસવર્ડ મેળવી લીધા બાદ ચોરી કરી ઓનલાઈન લોન મેળવનાર ભેજાબાજ શખ્સને ભરૂચ એલસીબી પોલીસે મોરબીના ટંકારાથી ઝડપી પાડ્યો હતો. શેરબજારમાં થયેલી લાખો રૂપિયાની ખોટની ભરપાઈ કરવા માટે આ શખ્સે પોતાના જ મિત્રો અને સાથે રહેતા યુવાનોને નિશાન બનાવ્યા હતા.

ગત તા.11મી ફેબ્રુઆરીના રોજ ઝાડેશ્વર ચોકડી પાસે આવેલા વિનાયક કોમ્પ્લેક્સમાં રહેતા પીયૂષ ભીખા ઘોશીયાનો મોબાઈલ રૂમમાંથી ચોરાયો હતો. તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે, ચોરાયેલા મોબાઈલમાં ફોન-પે એપ્લિકેશન દ્વારા કોઈએ કુલ 4 લાખ રૂપિયાની ઓનલાઈન લોન મેળવી રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. એલસીબી પીઆઈ મનીષ વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.પી.મલ્હોત્રા અને તેમની ટીમે ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરતાં આ ગુનાના તાર મોરબીના ટંકારા તાલુકાના સજ્જનપર ગામના બીપીન પ્રાગજી ભીમાણી સાથે જોડાયેલા હોવાનું જણાયું હતું. પોલીસે આરોપીની અટકાયત કરી પૂછપરછ કરતાં તેણે ગુનાની કબૂલાત કરી હતી. આરોપી દહેજની ખાનગી કંપનીમાં શિફ્ટ ઈનચાર્જ તરીકે નોકરી કરતો હતો અને ઝાડેશ્વરમાં પીજીમાં રહેતો હતો. શેરબજારના ટ્રેડિંગમાં મોટી ખોટ જતાં તેણે નાણાં મેળવવા માટે આ નુસખો અપનાવ્યો હતો. તે મિત્રોના મોબાઈલ ચોરી તેમના એકાઉન્ટમાંથી લોન લઈ રકમ પોતાના ટ્રેડિંગ વોલેટમાં જમા કરાવતો હતો. પોલીસે તેની પાસેથી 35,000ની કિંમતના ચોરીના 4 મોબાઈલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.



ઈબ્રાહીમ કાનુ

# કોસંબામાં પાણીની જર્જરિત ટાંકી આખરે જમીનદોસ્ત

હથોડાઃ કોસંબાના પશ્ચિમ વિસ્તારમાં સરકારી દવાખાનાની પાછળના ભાગે આવેલી કોસંબા પંચાયતની આશરે 50 વર્ષ જૂની અત્યંત જર્જરિત બનીને ઊભેલી પાણીની ટાંકીને કારણે વિસ્તારમાં દહેશત જોવા મળતી હતી. જેને આખરે પંચાયત દ્વારા સાવચેતીરૂપે જમીનદોસ્ત કરી દેવાતાં વિસ્તારમાં રાહતની લાગણી જોવા મળી છે.

કોસંબા પંચાયત દ્વારા બાબા આદમના સમયથી બનાવવામાં આવેલી આ પાણીને ટાંકીને ક્ષમતા બે લાખ લીટરની કેપિસિટી ધરાવતી હતી. જે સરકારી દવાખાના પાછળના વિસ્તારના લોકોને વર્ષોથી પીવાના પાણીની સુવિધા પૂરી પાડતી હતી. પરંતુ આ પાણીને ટાંકી છેલ્લા કેટલાક લાંબા વખતથી અત્યંત જર્જરિત બની ગઈ હતી અને પાણીની ટાંકીના પોપડા પણ ઉખડી રહ્યા હતા. રહેણાક વિસ્તારના લોકોને જોખમ હતું. આખરે કોસંબા ગ્રામ પંચાયત દ્વારા મશીનરી કામે લગાડી આ ટાંકીને જમીનદોસ્ત કરી દેવાતાં વિસ્તારની જનતામાં કંઈક અંશે રાહતની લાગણી જોવા મળી હતી.

# વેસ્ટમાંથી બેસ્ટઃ એઠવાડ અને કચરો હવે રસોડામાં ગેસ બનીને સળગશે

**ભરૂચ** સહિત દક્ષિણ ગુજરાતની સુગર ફેક્ટરી માટે બાયોગેસ પ્રોજેક્ટ સુવર્ણ તક બની શકે છે

ભરૂચઃ LPG ગેસની વધતી જતી અછત અને ક્રૂડ ઓઇલની વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે, તમિલનાડુની રાંજણી નેચરલ સુગર મિલના સ્થાપક બી.બી. થોમ્બેરે દેશ માટે એક ટકાઉ વિકલ્પ રજૂ કર્યો છે. લણણી બાદના ખેતરના કચરામાંથી વીજળી ઉત્પાદનનો સફળ પ્રયોગ કરનાર થોમ્બેરે હવે ભીના કચરા, ખોરાકના બગાડ અને બચેલા ભોજનમાંથી બાયોગેસ (LBG) ઉત્પન્ન કરવાની શરૂઆત કરી છે.

આ પ્રોજેક્ટ હાલમાં રાંજણી સ્થિત સુગર મિલના ગેસ્ટ હાઉસમાં છેલ્લાં પાંચ વર્ષથી સફળતાપૂર્વક સંચાલિત થઈ રહ્યો છે. ગેસ્ટ હાઉસમાં ભીના કચરા અને ખાદ્યપદાર્થોના કચરામાંથી ઉત્પન્ન થતો બાયોગેસ નિયમિતપણે 10થી 15 લોકોનું ભોજન બનાવે છે. આ પહેલથી સ્થાનિક હોટલ, રેસ્ટોરન્ટ, હોસ્ટેલ અને નાગરિકોમાં તેને અપનાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

મિડલ ઈસ્ટમાં યુદ્ધના મંડાણ વચ્ચે ક્રૂડ ઓઈલની સ્થિતિ પર સરકારની નજર છે. ત્યારે થોમ્બેરે 'લોકલ ફોર વોકલ'ના સૂત્રને ચરિતાર્થ કરતા દેશમાં આત્મનિર્ભરતા માટે LPGના સ્થાને બાયોગેસને વિકલ્પ તરીકે રજૂ કર્યો છે. બી.બી. થોમ્બેરે મત વ્યક્ત કર્યો હતો કે, હાલના રાષ્ટ્રીય સંકટમાં જ્યાં LPGની અછતને કારણે કેટલાક વિસ્તારોમાં હોટલ અને જાહેર મેસ બંધ થઈ ગયા છે, ત્યારે બાયોગેસ જેવા ટકાઉ વિકલ્પો અપનાવીને આત્મનિર્ભરતા હાંસલ કરી શકાય છે. હાલમાં 2થી 100 ક્યુબિક મીટર ક્ષમતાવાળા તૈયાર પ્લાસ્ટિક (HDP) બાયોગેસ પ્લાન્ટ બજારમાં ઉપલબ્ધ છે, જેને તાત્કાલિક સ્થાપિત કરી રસોઈ માટે જરૂરી ગેસના 50થી 75 ટકા જેટલો ઉપયોગી ગેસ મેળવી શકાય છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચમાં જુગાર રમતા 6ની અટકાયત

ભરૂચઃ ભરૂચ શહેરના ભીડભંજન ખાડી વિસ્તારમાં હનુમાન મંદિર પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતાં અબ્દુલ હમીદ શેખ, આરીફ વોરા, હાતીમ નમકવાલા, બંકીમ મિસ્ત્રી, શૈલેશ વસાવા તેમજ પિન્ટુ સોન્કી મળી કુલ 6 શખ્સને પોલીસે ઝડપી લીધા હતા. જો કે, પોલીસને જોઈને 3 મહિલા સહિત અન્ય 5 ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી રોકડ રકમ અને 5 મોબાઈલ ફોન મળી કુલ 36,600 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. હાલ પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

### ઈખરમાં જુગાર રમતા 8 જુગારી ઝડપાયા

આમોદઃ આમોદ તાલુકાના ઈખર ગામની કડકા કોલોનીમાં જાહેર રોડ પર સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તા-પાનાનો જુગાર રમી રહેલા ૮ શખ્સને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યા હતા. આમોદ પોલીસે રેડ દરમિયાન જગદીશ વસાવા, ઉસ્માન પટેલ, યાસીન પીર, યોગેશ વસાવા, ગૌતમ વસાવા, ગુલામ ખલીફા, રમણ વસાવા અને ભરત વસાવા પાસેથી રોકડા ૧૨,૩૭૦ અને ૬ મોબાઈલ (કિંમત ૨૫,૫૦૦) મળી કુલ ૩૭,૮૭૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### રાજપીપળા પાલિકામાં 7 વોર્ડમાં કોંગ્રેસના 28 ઉમેદવાર ચૂંટણી લડશે

રાજપીપળાઃ રાજપીપળા નગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ થયો છે. નર્મદા જિલ્લા કોંગ્રેસ દ્વારા રાજપીપળા સરકીટ હાઉસ ખાતે ચૂંટણી ઇનચાર્જ શેરખાન પઠાણની અધ્યક્ષતામાં એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી, જેમાં તમામ 7 વોર્ડની કુલ 28 બેઠક પર કોંગ્રેસના ઉમેદવારો મેદાનમાં ઉતારવાનો મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો છે. બેઠક દરમિયાન ઈચ્છુક ઉમેદવારોને ફોર્મ ભરવાની સૂચના અપાઈ હતી.

### ભરૂચના નર્મદા ગાર્ડન પાસે જુગાર રમતા ત્રણ ઝડપાયા

ભરૂચઃ ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે શહેરના નર્મદા ગાર્ડન પાસે ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર દરોડો પાડી પત્તા-પાનાનો જુગાર રમતા ત્રણ શખ્સને રંગેહાથ ઝડપી લીધા હતા, જ્યારે અન્ય બે શખ્સ ફરાર થઈ ગયા હતા. પોલીસે ઘટના સ્થળેથી રોકડા રૂપિયા, ત્રણ મોબાઈલ ફોન અને એક મોટરસાઇકલ મળી કુલ 96,800નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા આરોપીઓમાં બે મૂળ નેપાળના અને એક સ્થાનિક શખ્સનો સમાવેશ થાય છે. પોલીસે ફરાર આરોપીઓને શોધવાની તજવીજ હાથ ધરી છે.

### મોઝદા પાસે બાઇક સ્લિપ થતાં એકનું મોત

ભરૂચઃ ડેડિયાપાડાના મોઝદા ગામ પાસે વહેલી સવારે પૂરઝડપે જતી બાઇક નં.(GJ-22-Q-8813) ભયજનક વળાંક પાસે ઝાડ સાથે અથડાતાં ૧૬ વર્ષીય ચાલક આદિશકુમાર વસાવાનું કરુણ મોત નીપજ્યું હતું. બાઈક પર પાછળ બેસેલા અન્ય બે યુવાન દિનેશભાઈ વસાવા અને કરણસિંગભાઈ વસાવાને ફ્રેક્ચર સહિત નાની-મોટી ઈજા પહોંચતાં સારવાર હેઠળ ખસેડાયા છે. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વસરાઈમાં પર્યાવરણ જનજાગૃતિ મહોત્સવ



સલીમ દિવાન

ભોરિયાઃ ભારત સરકારના વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલયના સૌજન્યથી ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર, અમદાવાદ દ્વારા આયોજિત પર્યાવરણ જનજાગૃતિ મહોત્સવ અંબિકાના વસરાઈ સ્થિત દિશા ફાઉન્ડેશન ખાતે ઉત્સાહભેર યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જિજ્ઞાબેન પરમાર (સબ ડિવિઝન મેજિસ્ટ્રેટ), ડો.સુનીલ પારેખ, ડો.અનિંદિતા, ડો.પ્રદીપ ગરાસિયા, ડો.નીલ જે.આઈ., ડો.રીટા નિર્મલ, પી.આઇ. પારઘી, સ્વાતીબેન પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### પખરતા શોધ પરીક્ષામાં સિદ્ધિ

પલસાણાઃ શ્રી મહાદેવ દેસાઈ શિક્ષણ સમાજ પલસાણા સંચાલિત ડી.બી.હાઈસ્કૂલ પલસાણા માધ્યમિક વિભાગમાં ધો.9 માટે રાજ્ય પરીક્ષા બોર્ડ-ગાંધીનગર દ્વારા લેવાયેલી પ્રખરતા શોધ કસોટીઃ-૨૦૨૫-૨૬માં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરાયેલા મેરિટ લિસ્ટમાં કુલ 1000 વિદ્યાર્થી પૈકી નાયક તનવ મનોજભાઈ કુલગુણ 200માંથી 143 ગુણ સાથે ક્રમ નં.770 અને ઢીમર પરિક્ષિત મનોજભાઈએ 141 ગુણ સાથે ક્રમ નંબર 920 પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે. મેરિટમાં સ્થાન પ્રાપ્ત કરનાર બંને વિદ્યાર્થીને શાળાના આચાર્ય, સંચાલક મંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યો તેમજ શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

### લીંગડ પ્રાથમિક શાળામાં વિદાય સમારંભ



ઈલ્યાસ શેખ

પલસાણાઃ પલસાણાની લીંગડ પ્રાથમિક શાળા ખાતે શનિવારે સવારે ધોરણ-8 ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના અગ્રણીઓ અને શિક્ષણ જગતના હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં બક્ષિપંચના પ્રમુખ ગિરિશભાઈ પટેલ, માજી સરપંચ ઝંખનાબેન પટેલ તેમજ શિક્ષક સંઘના પ્રમુખ આશિષભાઈ અને મહામંત્રી ચેતનભાઈનો સમાવેશ થાય છે. કાર્યક્રમ દરમિયાન ધોરણ-8 માં અભ્યાસ પૂર્ણ કરનાર તમામ 18 બાળકોને શાળાના શિક્ષક પરિવાર તરફથી પ્રોત્સાહન રૂપે ફાઈલ અને શૈક્ષણિક કિટની ભેટ આપવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનો અને શિક્ષકોએ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ પાઠવ્યા હતા. શાળાના આચાર્ય રાજેશભાઈ સોલંકીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

### ખરોડ કોલેજમાં વાર્ષિકોત્સવ ઉજવાયો



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ ધી અંકલેશ્વર પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ ખાતે સંસ્થાનો ૩૫મો શૈક્ષણિક વાર્ષિકોત્સવ યોજાયો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે મુકેશભાઈ મહેતા (ફેક્ટરી મેનેજર, રશ્મિકા મિનરલ્સ એન્ડ કેમિકલ્સ પ્રા.લિ.) ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ આરિફભાઈ વજીફદાર, મંત્રી મહંમદભાઈ ભૈયાત, ટ્રસ્ટી ઇસ્માઈલભાઈ જોગિયાત, ભગીની સંસ્થાના આચાર્ય, ભૂતપૂર્વ તાલીમાર્થીઓ, અધ્યાપકો, વહીવટી સ્ટાફ, ગ્રંથપાલ, વાલીગણ અને પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના કા.આચાર્ય ડો. આઈ.કે.અંસારીના માર્ગદર્શન હેઠળ કરાયું હતું, જેમાં ડો.પારુલબેન પટેલ, આદમ ઝકિયા અને અફઝલ બોરાએ કાર્યક્રમનું સંકલન કર્યું હતું. સંચાલન શેખ મુબસ્સીરા શેખ ફાતેમાએ કર્યું હતું.